તાપમાન
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૭ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૩૭ | ૨૭ જુલાઈ, ૨૦૧૬, બુધવાર ; અષાઢ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ઓગસ્ટથી કેન્દ્રીય કર્મચારીઓને સાતમા વેતન પંચ મુજબ જ પગાર

**સાતમા વેતન પંચની ભલામણોને લાગૂ કરવા જાહેરનામુ જારી : વર્ષમાં પગાર વધારા માટે બે તારીખો પહેલી જાન્યુઆરી અને પહેલી જુલાઈ રહેશે :૩૩ લાખ કર્મીઓ, ૧૪ લાખ જવાન, બાવન લાખ પેન્શનરોને ફાયદો**

નવીદિલ્હી,તા. ૨૬

કેન્દ્ર સરાકરે સાતમાં પગાર પંચની ભલામણોને લાગૂ કરવા માટે સુધારવામાં આવેલા પગાર સાથે સંબંધિત ધારાધોરણોને લઈને જાહેરનામુ જારી કરી દીધું છે. આનાથી કેન્દ્ર સરકારના કર્મચારીઓના મૂળ પગારમાં ૨.૫૭ ગણો વધારો થશે. પહેલી જાન્યુઆરી ૨૦૧૬થી કેન્દ્ર સરકારમાં લઘુત્તમ પગાર ૧૮૦૦૦ રૂપિયા માસિક રહેશે અને મહત્તમ પગાર ૨.૫ લાખ રૂપિયા રહેશે. જારી કરવામાં આવેલા જાહેરનામા મુજબ ઓગસ્ટથી કેન્દ્રીય કર્મચારીઓને સાતમાં વેતન પંચ મુજબ પગાર મળશે. જાહેરનામુ જારી કરવામાં આવ્યા બાદ નવા વેતન મેટ્રીક્સ હેઠળ પહેલી જાન્યુઆરી ૨૦૧૬ના દિવસે કર્મચારીઓના નવા વેતન વર્તમાન પગાર (મૂળ પગાર અને ગ્રેડ પેની સાથે)ના ૨.૫૭ ગણોની આસપાસ રહેશે. સાથે સાથે વર્ષમાં પગાર વધારા માટે બે તારીખો નક્કી કરવામાં આવી છે જેમાં પહેલી જાન્યુઆરી તથા એક જુલાઈનો સમાવેશ થાય છે. હજુ સુધી આના માટે માત્ર એક જ જુલાઈની તારીખ હતી. કર્મચારીઓની નિયુક્તિ, પ્રમોશન અને એપ્રેઝલના આધાર પર આ બંને તારીખોમાંથી કોઈ એક તારીખના દિવસે વેતનમાં વાર્ષિક વધારો કરવામાં આવશે. મંત્રીમંડળે ગયા મહિને કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શન ભોગીઓના વેતનમાં વધારાને લીલીઝંડી આપી હતી. આનાથી સરકારી ખજાનાના પર વાર્ષિક ૧.૦૨ લાખ કરોડનો બોજ પડનાર છે.

આ જાહેરનામુ ૨૫મી જુલાઈ ૨૦૧૬ના દિવસે જારી કરવામાં આવ્યું હતું. આનાથી સ્પષ્ટ થઈ ગયું છે કે, ઓગસ્ટથી કેન્દ્રીય કર્મચારીઓના પગાર સાતમાં વેતન પંચ મુજબ મળશે. સાતમાં વેતન પંચની ભલામણોને અમલી કરવામાં આવ્યા બાદ કેન્દ્ર સરકારના ૩૩ લાખ કર્મચારી અને ૧૪ લાખ સુરક્ષા દળના જવાનો અને બાવન લાખ પેન્શનરોને ફાયદો થશે. આ હિલચાલને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આળે છે. સાતમાં વેતન પંચની ભલામણોને અમલી કરવાને લઈને પણ ભારે હોબાળો રહ્યો હતો. કારણ કે, પગાર વધારાને લઈને ઘણા લોકોએ વાંધો પણ ઉઠાવ્યો હતો. હવે આ સંદર્ભમાં તમામ દુવિધાનો અંત આવી ગયો છે. જાહેરનામુ જારી કરવામાં આવ્યા બાદ તમામ દુવિધા દૂર થઈ છે.

## વિજય દિવસે અમર જવાન જ્યોતિ ખાતે પુષ્પાંજલિ

**ત્રણેય સેનાના વડાએ પુષ્પાંજલિ અર્પણ કરી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ જવાનોની વીરતાની પ્રશંસા કરી ૧૭માં કારગીલ દિવસ ઉપર જવાનોને યાદ કરાયા**




નવી દિલ્હી,તા. ૨૬

સંરક્ષણ પ્રધાન મનોહર પારીકર, ત્રણેય સેનાના વડાએ અમરજવાન જ્યોતિ ઉપર આજે પુષ્પાંજલિ આપીને કારગિલ યુદ્ધના શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સશસ્ત્ર દળના શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી અને તેમની વીરતાની પ્રશંસા કરી હતી. મોદીએ ટ્વિટર ઉપર સવારે જ કહ્યું હતું કે, દેશમાં પ્રાણોની આહૂતિ આપનાર જવાનોના સાહસને તેઓ સલામ કરે છે. કારગીલ દિવસ અમારા સશસ્ત્ર દળોના સાહસ અને બલિદાનની યાદ અપાવે છે. જમ્મુ કાશ્મીરમાં દ્રાસ વોર મેમોરિયલ ખાતે સેનાના જવાનોએ પણ પુષ્પાંજલિ આપી હતી. જમ્મુ કાશ્મીરના કારગિલ જિલ્લામાં જુલાઈ ૧૯૯૯માં ભારત અને પાકિસ્તાન વચ્ચે કારગિલ યુદ્ધ થયું હતું જેમાં ૫૦૦થી અધિકારીઓ અને જવાનોના મોત થયા હતા. સાહસી જવાનોને મરણોપરાંત વીરતા પુરસ્કાર પણ અપાયા હતા. ઓપરેશન વિજય તરીકે પણ આને યાદ કરવામાં આવે છે.

અમર જવાન જ્યોતિ ખાતે આયોજિત કાર્યક્રમમાં તમામ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કારગિલ યુદ્ધ દરમિયાન ભારતીય જવાનોએ અભૂતપૂર્વ સાહસનો પરિચય આપીને જોરદાર જંગ ખેલ્યા બાદ આખરે જીત હાંસલ કરી હતી. આને કારગિલ વિજય દિવસ તરીકે પણ મનાવવામાં આવે છે. આ યુદ્ધમાં મોટી સંખ્યામાં પાકિસ્તાની સેનાના જવાનો અને ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. સત્તાવાર રીતે આંકડો ઓછો હતો પરંતુ એમ માનવામાં આવે છે કે પાકિસ્તાનના ૫૦૦૦થી વધારે જવાનો અને ત્રાસવાદીઓ આ લડાઈમાં માર્યા ગયા હતા. આ એક જટિલ યુદ્ધ લડવામાં આવ્યુ હતુ. કારગિલ વિજય દિવસની ઉજવણી બે ત્રણ દિવસ ચાલે છે.

## જાપાનમાં એક શખ્સે ચાકુથી ૨૦ની હત્યા કરી




**હુમલામાં અન્ય ૪૫થી વધુ લોકો ઘાયલ, અનેક લોકો ગંભીર : માનસિક રીતે વિકલાંગ લોકોના કેર સેન્ટરમાં માથાભારે શખ્સે આતંક મચાવ્યો : બીજા વિશ્વ યુદ્ધ બાદથી જાપાનમાં હજુ સુધીનો સૌથી મોટો નરસંહાર સર્જાયો**

ટોકિયો,તા. ૨૬

જાપાનમાં માનસિકરીતે વિકલાગં લોકોના એક કેર સેન્ટર પર માથાભારે શખ્સે ચાકુથી ભારે આતંક મચાવ્યો હતો. ચાકુથી કરાયેલા હુમલામાં ૨૦ લોકોના મોત થયા છે અને અન્ય ૪૫ લોકો ઘાયલ થયા છે. બીજા વિશ્વ યુદ્ધ બાદથી જાપાનમાં સૌથી વિનાશકારી નરસંહારમાં માર્યા ગયેલાઓમાં નવ પુરુષો અને ૧૦ મહિલાઓનો સમાવેશ થાય છે. તમામની વય ૧૮થી ૭૦ વર્ષની હોવાનું જાણવા મળ્યું છે.માર્યા ગયેલા લોકો માનસિકરીતે બિમાર હતા. આજે સવારે આ હુમલો કરવામાં આવ્યો હતો. ચાકુ લઈને આવેલા શખ્સે આ

● અનુસંધાન પાન-૭ પર

## નરેન્દ્ર મોદીએ લાલઆંખ કરતા ભાજપમાં બેઠકોનો ધમધમાટ

**મુખ્યમંત્રીની સંઘના આગેવાનોની સાથે બેઠક : રૂપાણીએ કોર કમિટિની બેઠક બોલાવી : મોદીને રિપોર્ટ કરવા તાકીદ**

અમદાવાદ, તા.૨૬

ગુજરાતના ઉનાની દલિત અત્યાચારની ઘટનાની આગ હવે કેન્દ્ર સરકારને દઝાડવા લાગી છે. સંસદમાં વિપક્ષના પ્રહારથી હચમચી ઉઠેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખુબ જ નારાજગી ભર્યા સુરમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને ભાજપના પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણીને ગુજરાતમાં સદભાવનું વાતાવરણ ઉભુ કરવા કડક તાકીદ કરી છે. એટલું જ નહીં પરંતુ સંઘની મદદ લઈ ગુજરાતમાં દલિતોની નારાજગી અટકાવવાના તાબડતોડ પ્રયાસ હાથ ધરવાની પણ સુચના આપી છે. આ સંદર્ભમાં આજે સવારે સીએમ હાઉસ ખાતે મુખ્યમંત્રી તથા સંઘના આગેવાનો વચ્ચે એક મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં ડેમેજ કંટ્રોલ કવાયતમાં હવે સંઘને પણ જોડવાનો નિર્ણય લેવાયો હતો. સુત્રોના જણાવ્યા અનુસાર આ બેઠકમાં સંઘની અખિલ ભારતીય કાર્યકારિણીના સભ્ય ગજાનન ડાંગે, ભાજપના પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, આરએસએસના ગુજરાતના પ્રાંત પ્રચારક ચિંતન ઉપાધ્યાય, પ્રાંત કાર્યવાહ યશવંત ચૌધરી તથા

● અનુસંધાન પાન-૭ પર



અનોખુ દશ્ય : ગાંધીનગરના છ-માર્ગ અને જ-માર્ગ પર પક્ષીઓ એક સાથે 'ચણ' ચણે છે... કબૂતર, કાબર, કાગડા, અને મોર એક સાથે મળીને ચણ ચણવામાં વ્યસ્ત બન્યા છે... અને આપણી કહેવતને યથાર્થ કરે છે.... 'સંપ ત્યાં જંપ'...

## નવસારીમાં ગમખ્વાર દુર્ઘટનામાં પાંચના મોત

**મૃત્યુ પામેલા તમામ લોકોની ઓળખ : એક જ પરિવારના પાંચના મોતથી આઘાતનું મોજુ**

નવસારી, તા.૨૬

નવસારીમાં ટ્રક અને રિક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત થતાં એક જ પરિવારના પાંચ લોકોના કરુણ મોત થયા છે. આ બનાવથી ભારે સનસનાટી મચી ગઈ હતી. અકસ્માત એટલોપ્રચંડ હતો કે, ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. તમામ મૃતકોની ઓળખ કરી લેવામાં આવી છે. નવસારીમાં વાસંદા નજીક આવેલા ભીનાર પાસે ટ્રક અને રિક્ષા વચ્ચેટક્કર થઈ હતી. નવસારી જિલ્લાનાં વાંસદા તાલુકાનાં ભીનાર ગામના ત્રણ માર્ગીય ચોકડી પર અનાવલ ગામથી વાંસદા ઉનાઈ માર્ગેમુસાફર ભરેલી રિક્ષાને કાળમુખી ટ્રકે કચડી નાખી હતી. રીક્ષામાં સવારી કરતા ત્રણ લોકોનાં ઘટનાસ્થળે મોત થયા હતા.




## ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ : પોશીનામાં ૩ ઈંચ

**ડિસા, દાંતીવાડા, માંડવીમાં બે ઈંચ વરસાદ : આગામી ૩૬ કલાકમાં ભારે વરસાદની આગાહીના પગલે તંત્ર સાબદુ થયું : ઉત્તર ગુજરાતમાં મેઘમહેર જારી રહી**

અમદાવાદ, તા.૨૬

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૯ તાલુકાઓમાં વરસાદ થયો છે જે પૈકી પોશીનામાં ત્રણ ઈંચ અને દાંતીવાડા, ડિસા અને માંડવી બે-બે ઈંચ વરસાદ થયો છે. સાબરકાંઠા જિલ્લાના પોશીનામાં ત્રણ ઈંચ વરસાદ થયો છે. ઉત્તર ગુજરાતમાં મેઘરાજાની મહેર જારી રહી છે. આ પથકમાં છેલ્લા ૨૪ કલાકમાં ઝરમર ઝાપટાથી લઈ ત્રણ ઈંચ સુધીનો વરસાદ થયો છે. પૂર્વ અને મધ્ય ગુજરાતમાં હળવા ઝાપટા પડ્યા છે. ઉકાઈ ડેમની જળ સપાટી ૩૧૪.૧૬ ફુટ ઉપર પહોંચી છે. દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં નોંધાયેલા વરસાદમાં ઉત્તર ગુજરાત પંથકમાં પાટણ જિલ્લાના તાલુકાઓમાં શંખેશ્વર, સિદ્ધપુરમાં વરસાદ થયો છે. ધાનેરા, વડગામમાં પણ વરસાદ થયો છે. પૂર્વ અને મધ્ય ગુજરાતના ૬૩ તાલુકાઓ પૈકી ૧૮ તાલુકાઓમાં વરસાદ થયો છે. આગામી ૨૭ કલાકમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે જેથી તંત્ર સાબદુ છે.

અમદાવાદ શહેરમાં પણ ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે જો કે, આજે પણ અમદાવાદમાં વાદળછાયુ વાતાવરણ રહ્યું હોવા છતાં વરસાદ પડ્યો ન હતો. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદમાં વિરામની સ્થિતિ રહેતા ચિંતા જોવા મળી રહી છે. વરસાદ હાલમાં ખેંચાઈ ગયો છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૪.૫ અને લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી રહ્યું હતું.

રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૨૬-૦૭-૨૦૧૬નો સવારે ૭-૦૦ કલાકે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકામાં ૬૨ મી.મી. ડીસામાં ૬૪ મી.મી. અને સુરત જિલ્લાના માંડવીમાં ૫૨ મી.મી. મળી કુલ ત્રણ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.




**શિવ મિલતે હૈ સાવન મેં.**

રૂપિયા ગણતી વખતે ધ્યાન બીજે નથી જતું. તેમ ભક્તિ કરતા કલ્યાણમાં ધ્યાન રાખવું. તમે ઘાસ જેવા ન થશો કે પવન જ્યાં લઈ જાય ત્યાં જાવ. વૃક્ષ જેવા ન થશો કે પવનથી ઝુકી જાવ. પણ પર્વત જેવા થજો કે પ્રચંડ વાવાઝોડામાં ન ઝુકો ન તૂટો આ શિવપૂજાની વાણી વ્હાલાના મુખે હતી. ચિંતન વ્હાલા આશ્રમ દ્વારા ભવ્ય શિવ મહાપૂજા શ્રાવણના પ્રત્યેક સોમવારે રાત્રીના ચાર પ્રહરની હિમાલય જન્ય વનસ્પતિ-ઔષધિ યુક્ત ભારતભરના ગામો, શહેરો, વિસ્તારો, જ્ઞાતિમા થતી રહી છે. શિવપૂજામાં કાલસર્પ, પિતૃદોષ, ગ્રહ-નક્ષત્રના અશુભયોગો, મેલી, આશુરી, શત્રુ શક્તિથી બચાવ, વેપાર રોજગારની ઉન્નતિ લક્ષ્મી પ્રાપ્તિ જેવી જટિલ સમસ્યાનું સમાધાનના વિધાનો લેવાય છે. શિવ માટે અનેક સંપ્રદાયો કહે છે કે "ગાય કાળી હોય તો યે તેનું દૂધ સફેદ જ હોય". શિવને જાણવા ચાર પ્રહરની પૂજા કરવી જ રહી. સાબરકાંઠામાં એક મુસ્લિમ ભાઈ અને અમદાવાદમાં ખ્રિસ્તીએ પૂજાનું આયોજન કરાવીને શિવ મંદિરોના પૂજારીઓ, શિવ પ્રેમીઓ, શ્રીમંતો, યાદ અપાવતા શાસ્ત્રો કહે છે, શિવલિંગની પૂજાથી અધિક પુણ્ય કે ભયનાશ કરનાર કોઈ નથી. "એવં દેવો મહાદેવ..." તો કહે છે કે શિવલીંગમાં સર્વ દેવોની પ્રતિષ્ઠા છે. મહાદેવ ત્રિવાર જપે..." મંત્ર કહે છે. ત્રણવાર નામ લેનારને એકવારનું ફળ આ જન્મમાંને બાકીના બેવારનો તે ઋણી રહે છે. હાથીના પગલામાં બધાના પગલા સમાઈ જતા હોય તો પછી વ્યર્થ દોડ કેમ ? શિવપૂજા ઉપાસનાથી અશુભ યોગો, દોષોનું નિવારણ જો શિવમહાપૂજાથી થતું હોય તેવું સમજીને ૨૦૧૫માં ગાંધીનગર રામેશ્વર મહાદેવના મંદિર પાસે ભવ્ય શિવમહાપૂજાનું આયોજન થયેલ. કહેવાતા શ્રીમંતો, શિવપ્રેમીઓ જો ભાગવતની જેમ ઠેર-ઠેર ગાંધીનગરના સેકટરોમાં આવી શિવપૂજાનું આયોજન ગોઠવે તો સમાજની કે વિસ્તારની સમસ્યાઓ સરળતાથી દૂર કરી શકે. ગાંધીનગરમાં સેકટર ૧૬, ૭, શિવશક્તિનગર ઓમકારેશ્વર મંદિરના પ્રાંગણમાં તથા જીલ્લામાં શિવમહાપૂજાનું આયોજન થઈ ચુક્યું છે. ગાંધીનગરના શીલાબહેનને પુત્ર પ્રાપ્તિ થતી ન હતી તેઓ શિવ મહાપૂજામાં બેઠા પછી સંતાન પ્રાપ્તિના યોગો થયેલા. એક અધિકારી જેઓ સરકારી ખોટા કેસમાંથી શિવમહાપૂજામાં બેસવાથી નિર્દોષ છુટી ગયેલા. આ વાતો અનેક લોકોના અનુભવો શિવમહાપૂજામાં બેઠા પછી સંતોષકારક પરિણામોના સમાચાર ચિંતન વ્હાલા આશ્રમને મળ્યા છે. પોતાના વિસ્તારમાં, સેકટરમાં કે સમાજમાં આ ભવ્ય શિવમહાપૂજાનું આયોજન રખાવવા અને આવનાર વર્ષ દરમ્યાન આવનાર સમસ્યાઓને જો રોળી નાખવી હોય તો શિવઉપાસનાનું કરવી પડશે. કેદાર ખંડના સ્વામી કહે છે કે ૨૦૧૬નાં વર્ષના અનુભવ કરતા ખરાબ અનુભવ કે સમય ન જોવો હોય તો શ્રાવણ માસના કોઈપણ એક સોમવારે રાત્રીના ચાર પ્રહરની ઉપાસના હિમાલય જન્ય વનસ્પતિ યુક્ત ગોઠવી દેવો પડશે.

**ભવ્ય શિવમહાપૂજા**
ગાંધીનગરમાં રખાવવા સંપર્ક કરો
ચિંતન વ્હાલા આશ્રમ,
ફાયર સ્ટેશનની સામે, ગોમતીપુર અમદાવાદ.
ફોન: ૯૯૭૯૫૩૨૯૦૮, ૨૨૯૪૧૮૬૮

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225